**અમદાવાદના મહે. એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં.૧૦ માં.**

ક્રિ.કેસ નં ૨૧૩૧/૧૬

આંક :૦૭

ફરીયાદી :- સ ર કા ર શ્રી.

વિરૂધ્ધ

આરોપી: - (૧) વિનોદભાઈ અરવિંદભાઈ પટેલ.
રહે. બી,૧૦,ન્યુ સતાધાર કોમ્પલેક્ષ,સી.પી.નગર ચાર રસ્તા.
ઘાટલોડીયા,અમદાવાદ.
(૨) તેજસ રાકેશભાઈ પટેલ.
રહે : ૯૬/૧૧૪૯,શ્રી નગર એપાર્ટમેન્ટ,સોલારોડ.
ઘાટલોડીયા,અમદાવાદ.

બાબત :-ધી ઈ.પી.કોડની કલગમ:૨૯૪ (ખ) ૩૨૩,૧૧૪ મુજબ.

---

ફરીયાદ પક્ષ તરફે વિધ્વાન વકીલ શ્રી ડી. એમ.રાવલ.

આરોપી પક્ષ તરફે વિધ્વાન વકીલ શ્રી ડી.એમ.દેસાઈ.

**ચુ કા દો**

૧. આરોપી સામેના ફરીયાદ પક્ષના કેસની હકીકત ટૂંકમાં એવી છે કે આ કામના આરોપીએ તારીખ ૮-૯-૧૧ ના કલાક ૨૧-૦૦ ના વાગે નારાયણપુરા એ ઈ સી ઓફીસની બાજુંમાં સહજાનંદ એવન્યું ના નાકા પાસે જાહેર રોડ ઉપર ફરીયાદી પોતાનું મો.સા. નં.જી જે ૧ એફ ઈ ૭૮૦૩ નું લઈ ઝેરોક્ષ કઢાવવા જવા માટે નીકળેલા તે વખતે આરોપીનં. ન૧ પોતાનું મો.સા.નં.જી .જે .૧ .જે .આર .૯૪૮૫ની પાછળ આરોપી નં.૨ ને બેસાડી ફરીયાદીની મો.સા.સામે આવતા ફરીયાદી તે કહેવા લાગેલ કે આંધળા દેખાતું

નથી તેમ કહી બંને આરોપી એ ભેગામળી ફરીયાદી તે જાહેરમાં ગંદી ગાળો બોલી આરોપી નં .૧ એ પાટા વડે તથા નં.ર એ ફરીયાદીને ગડદાપાટુનો માર મારી મૂઢે ઈજાઓ કરેલ હોય. તે મતલબની ફરીયાદીએ,ફરીયાદ નોંધાવતાં પોલીસે ગુન્હો નોંધી, જરૂરી પોલીસ તપાસ પુરી કરી આરોપી સામે પુરતો પુરાવો મળી આવતાં ઉપરોકત ગુનાનું ચાર્જશીટ ઈન્સાફી કાર્યવાહી માટે રજુ કરવામાં આવેલ છે.

ર. આરોપી ના.અદાલત રૂબરૂ હાજર થતાં તેઓને, તેમની સામેના પોલીસ તપાસના કાગળોની નકલો વિનામૂલ્યે આપવામાં આવેલી છે.ત્યારબાદ ફરીયાદ પક્ષે કરવામાં આવેલા આક્ષેપોની વિગતવાર સમજુતી આપ્યા બાદ આંક: ર થી આરોપીનો જવાબ લેતાં આરોપીએ ગુનાનો ઈન્કાર કરતાં સદર કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલી છે.

૩. ત્યારબાદ ફરીયાદ પક્ષે આંક:૩ થી ફરીયાદી ઈશાન દેવેશભાઈ મહેતા નાઓને સોગંદ તપાસવામાં આવેલ છે.આંક: ૪ થી ફરીયાદ રજુ રાખવામાં આવેલ છે. આંક:પથી ગુનાવાળી જગ્યાનું પંચનામું,આંક:૬ થી પુરાવાબંધ ની પુરસીસ રજુ રાખવામાં આવેલ છે. આ સિવાય ફરીયાદ પક્ષે અન્ય કોઈ શાહેદોને સોંગંદ ઉપર તપાસવામાં આવેલ

૪. સદર કામે આરોપીનું સી.આર.પી.સી.ક.૩૧૩ હેઠળ વધારાનું નિવેદન નોધવામાં આવેલ છે. જેમાં તેઓની ઉપર ખોટો કેસ કરેલ હોવાનું જણાવેલ છે. તેઓને સોગંદ ઉપર જુબાની આપવી છે કે બચાવના શાહેદો તપાસવા છે તેનો જવાબ તેઓ ઘ્વારા નકારમાં આપવામાં આવેલ છે.

પ. સદર કામે ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપી તરફે તેમના વિ.વ.શ્રીને સાંભળવામાં આવેલા છે.

૬. ઉપરોકત હકીકતોના આધારે પ્રસ્તુત ફરીયાદના આખરી નિર્ણય સારૂ મારી દ્રષ્ટિએ નીચે મુજબના મુદૃાઓ ઉપસ્થિત થાય છે.

<u>**મુ દ્દા**</u>

૧. શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે એ હકીકત સાબિત કરે છે કે બનાવની તારીખે, સમયે અને સ્થળે આ કામના આરોપીએ ધી ઈ.પી.કોડની કલમ: ૨૯૪(ખ),૩૨૩, ૧૧૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલો છે ?

૨. આખરે શું હુકમ ?

૭. ઉપરોકત મુદ્દાઓના મારા જવાબો નીચે મુજબ છે.

૧. નકારમાં.

૨. આખરી હુકમ મુજબ.

૮. ઉપરોકત મુદ્દાના જવાબો માટેના મારા કારણો નીચે મુજબ છે.

<u>**કા ર ણો**</u>

૯. <u>**મુદ્દા નંબર ૧ અને ૨ :-**</u>

સદર કામે ફરીયાદ પક્ષે આંક: ૩ થી ફરીયાદી ઈશાન દેવેશભાઈ મહેતા નાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેઓ તેમની જુબાનીમાં ગઈ તા. ૮/૯/૧૧ ના રોજ રાતના નવેક વાગ્યાના સુમારે તેઓ મો.સા. લઈને ઝેરોક્ષ કરાવવા માટે નીકળેલ તે વખતે સોસા. ના નાકા પાસે પહોંચતા એક મો.સા. ચાલક તેની પાછળ એક છોકરોને બેસાડીને આવેલ અને તને દેખાતું નથી કહી સામાન્ય બોલાચાલી કરેલી. આરોપીએ તેઓને ગાળો બોલીને માર મારેલ હોય તેવું બનેલ નથી. બનાવ અંગે તેમને ફરીયાદી આપેલી.તેમને ફરીયાદમાં બતાવવામા આવે છે ,ફરીયાદ આંક: ૪ થી રજુ છે. તેઓ તેમની સહી ઓળખી બતાવે .જયારે બચાવ પક્ષે કરેલ ઉ.ત.માં તેઓ ને આરોપી સાથે સમાધાન થઈ ગયેલ હોવાનું જણાવે છે. આંક:૫થી ગુનાવાળી જગ્યા નું પંચનામું,રજુ થયેલ છે પરંતુ તે અંગેનો કોઈ મૌખિક પુરાવો રેકર્ડ ઉપર રજુ રાખવામાં આવેલ નથી જેથી પંચનામું સાબીત થયેલ હોવાનું માની શકાય નહી.

૧૦. આમ સમગ્ર પુરાવો વંચાણે લેતાં આ કામના ફરીયાદી જ જયારે તેઓની સોગંદ ઉપરની જુબાનીમાં આ કામના આરોપી સાથે સામાન્ય બોલાચાલી થયેલી. તે સિવાય બીજું કાંઈ બનેલ નહી તેમ જણાવતા હોય અને આ કામના આરોપીઓએ તેઓને કોઈ ગંદી ગાળો આપી માર મારેલ હોય તેવું બનેલ નહી તેમ જણાવતાં હોય અને તેઓની ઉ.ત.માં આ કામના આરોપીઓ સાથે સમાધાન થઈ ગયેલ હોય તેમ જણાવતા હોય ત્યારે ફરીયાદ પક્ષ પોતાનો કેસ નિ:શંકપણે સાબીત કરી શકેલ નહોય , મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં.ર અન્વયે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>હુ ક મ</u>**

ક્રિ.પ્રો.કોડની કલમ ૨૫૫ (૧) મુજબ આ કામના આરોપી:(૧) વિનોદભાઈ અરવિંદભાઈ પટેલ રહે. બી,૧૦,ન્યુ સતાધાર કોમ્પલેક્ષ,સી.પી.નગર ચાર રસ્તા, ઘાટલોડીયા,અમદાવાદ (૨) તેજસ રાકેશભાઈ પટેલ. રહે : ૯૬/૧૧૪૯,શ્રી નગર એપાર્ટમેન્ટ,સોલારોડ,ઘાટલોડીયા,અમદાવાદ. નાઓને, તેમની સામેના ધી ઈ.પી.કોડની કલમ ૩૨૩,૨૯૪(ખ),૧૧૪ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હામાંથી નિર્દોષ ઠરાવીને છોડી મુકવાનો હુકમ ફરમાવવામાં આવે છે.

આરોપીના જામીન તથા પર્સનલ બોન્ડ અપીલ સમય સુધી લંબાવવામાં આવે છે.
હુકમ આજ તા.૨૯ મી માહે જુન સને ૨૦૧૮ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

*( દિગ્નેશ કનૈયાલાલ સોની )*
*એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,*
*કોર્ટ નં.૧૦, અમદાવાદ.*
*GJ-00729*